## GRUH Finance Limited

Registered Office : "GRUH" Netaji Marg, Nr. Mithakhali Six Roads, Ellis bridge, Ahmedabad 380 006. | CIN : L65923GJ1986PLC008809
website: www.gruh.com | e-mail: investorcare@gruh.com
Phone: 91-79-2642 1671-75 | Fax : 91-79-2656 9215

### NOTICE OF 31st ANNUAL GENERAL MEETING, REMOTE E-VOTING INFORMATION AND BOOK CLOSURE

NOTICE is hereby given that

1. The 31st Annual General Meeting of Members of GRUH Finance Limited will be held on Thursday, June 15, 2017 at 10.30 a.m. at H.T. Parekh Convention Centre, Ahmedabad Management Association (AMA), Dr. Vikram Sarabhai Marg, Ahmedabad 380 015 to transact the Ordinary and Special business as mentioned in the Notice of the Meeting.
2. Electronic copies of the Notice of AGM and Annual Report for 2016-17 have been sent to all the members whose email IDs are registered with the Company/Depository Participant(s). The same are also available on the website of the Company at www.gruh.com. Notice of AGM and Annual Report for 2016-17 have been sent to all other members at their registered address by Registered parcel. The dispatch of Notice of AGM has been completed on May 19, 2017.
3. Members holding shares either in physical form or dematerialized form, as on the cut-off date of June 8, 2017, may cast their vote electronically on the business set forth in the Notice of the AGM through electronic voting system on National Securities Depository Limited (NSDL) from a place other than venue of the AGM ('remote e-voting'). All the members informed that :
   - i. The business set forth in the Notice of the AGM may be transacted through voting by electronic means;
   - ii. The remote e-voting shall commence on June 12, 2017. (9:00 a.m.)
   - iii. The remote e-voting shall end on June 14, 2017 (5:00 p.m.)
   - iv. The cut-off date for determining the eligibility to vote by electronic means or at the AGM is June 8, 2017.
   - v. Any person, who acquires shares of the Company and becomes a members of the Company after dispatch of the Notice and holding shares as of the cut-off date i.e. June 8, 2017, may obtain login ID and password by sending an e-mail to evoting@nsdl.co.in. However, if a person is already registered with NSDL for remote e-voting then existing user ID and password can be used for casting vote.
   - vi. Members may note that: a) The remote e-voting module shall be disabled by NSDL beyond 5:00 p.m. on June 14, 2017 and once the vote on a resolution is cast by the member, the member shall not allowed to change it subsequently; b) The facility for voting through ballot paper shall be made available at the AGM; c) The members who have cast their vote by remote e-voting prior to the AGM may also attend the AGM but shall not be entitled to cast their vote again; and d) A person whose name is recorded in the register of members or in the register of beneficial owners maintained by the depositories as on the cut-off date only shall be entitled to avail the facility of remote e-voting or voting at the AGM through ballot papers.
   - vii. The Notice of AGM is available on the Company's website www.gruh.com and also on the NSDL's website https://www.evoting.nsdl.com.
   - viii. In case of queries, members may refer to the Frequently Asked Questions (FAQs) for members and e-voting user manual for members at the Downloads Section of https://www.evoting.nsdl.com or contact Mr. Rajiv Ranjan, Asst. Manager, M/s. National Securities Depository Ltd., email : rajiv@nsdl.co.in, contact no. 1800 22 2990, 022-24994738.

Pursuant to Section 91 of the Companies Act. 2013, the Register of Members and Share Transfer books will remain closed from June 7, 2017 to June 15, 2017 (both days inclusive) for the purpose of payment of Dividend for the financial year ended March 31, 2017 and said AGM of the Company.

For GRUH Finance Limited

Ahmedabad
May 20, 2017

Marcus Lobo
Company Secretary



## ગૃહ ફાઈનાન્સ લિમિટેડ

રજી.ઑફિસ : "ગૃહ" નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬ | CIN : L65923GJ1986PLC008809
website: www.gruh.com | e-mail: investorcare@gruh.com
ફોન : ૯૧–૭૯–૨૬૪૨ ૧૬૭૧–૭૫ | ફેક્સ : ૯૧–૭૯–૨૬૫૬ ૯૨૧૫

### ૩૧મી વાર્ષિક સાધારણ સભા, રીમોટ ઇ-વોટિંગ માહિતી અને બુક ક્લોઝરની નોટિસ

આ સાથે નોટિસ આપવામાં આવે છે કે

1. ગૃહ ફાઈનાન્સ લિમિટેડની ૩૧મી વાર્ષિક સાધારણ સભા તારીખ ૧૫ જૂન, ૨૦૧૭ના રોજ ગુરુવારે સવારે ૧૦.૩૦ વાગ્યે એચ.ટી. પારેખ કન્વેન્શન સેન્ટર, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (એએમએ), ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, અમદાવાદ–૩૮૦૦૧૫ ખાતે, સભાની નોટિસમાં જણાવ્યા અનુસાર સાધારણ અને ખાસ બિઝનેસ બાબતે મળશે.
2. વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને વર્ષ ૨૦૧૬–૧૭ના વાર્ષિક અહેવાલની ઇલેક્ટ્રોનિક કોપી કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ(સ) પાસે જેમના ઇમેઇલ આઇડી નોંધાયેલા છે તેમને મોકલી આપવામાં આવેલ છે, જે કંપનીની વેબસાઈટ www.gruh.com પર પણ ઉપલબ્ધ છે. વાર્ષિક સાધારણ સભાની નોટીસ અને વર્ષ ૨૦૧૬–૧૭ નો વાર્ષિક અહેવાલ અન્ય તમામ સભ્યોને તેમના રજિસ્ટર્ડ એડ્રેસ પર રજિસ્ટર્ડ પાર્સલથી મોકલી આપવામાં આવેલ છે. વાર્ષિક સાધારણ સભાની નોટીસનું ડિસ્પેચ મે ૧૯, ૨૦૧૭ના પૂર્ણ થયેલ છે.
3. જૂન ૦૮, ૨૦૧૭ની કટ–ઑફ તારીખના રોજ ફિઝીકલ રૂપે અથવા ડિમટિરિયલાઈઝ્ડ રૂપે શેર ધરાવતા સભ્યો વાર્ષિક સાધારણ સભાની નોટીસમાં જણાવેલા બિઝનેસ વિશે પોતાના મત ઇલેક્ટ્રોનિકલી, વાર્ષિક સાધારણ સભાના સ્થળ સિવાયના સ્થળેથી નેશનલ સિક્યુરિટિઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ) પર ઇલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ ('રીમોટ ઇ–વોટિંગ') દ્વારા આપી શકે છે. તમામ સભ્યોને જાણ કરવામાં આવે છે કે :
   - i. વાર્ષિક સાધારણ સભાની નોટિસમાં જણાવ્યા મુજબ બિઝનેસનો ઇલેક્ટ્રોનિક માધ્યમથી વોટિંગથી વ્યવહાર કરી શકાશે,
   - ii. રીમોટ ઇ–વોટિંગ જૂન ૧૨, ૨૦૧૭ (સવારના ૦૯.૦૦)થી શરૂ થશે.
   - iii. રીમોટ ઇ–વોટિંગ જૂન ૧૪, ૨૦૧૭ (સાંજના ૦૫.૦૦)ના બંધ થશે.
   - iv. ઇલેક્ટ્રોનિક માધ્યમથી કે વાર્ષિક સાધારણ સભા ખાતે મત આપવાની લાયકાત નક્કી કરવાની કટ–ઑફ તારીખ જૂન ૦૮, ૨૦૧૭ છે.
   - v. નોટિસ મોકલ્યા પછી કોઈ પણ વ્યક્તિ, જે કંપનીના શેર મેળવે છે અને કંપનીના સભ્ય બને છે અને કટ–ઑફ તારીખ એટલે કે જૂન ૦૮, ૨૦૧૭ના રોજ શેર ધરાવે છે તેઓ evoting@nsdl.co.in પર એક ઈ–મેઇલ મોકલીને લોગઇન આઇડી અને પાસવર્ડ મેળવી શકે છે. પરંતુ જો કોઈ વ્યક્તિ એનએસડીએલમાં રીમોટ ઇ–વોટિંગ માટે પહેલેથી રજિસ્ટર્ડ હોય તો તેમના વર્તમાન યુઝર આઇડી અને પાસવર્ડ મત આપવા માટે ઉપયોગમાં લઈ શકાશે.
   - vi. સભ્યો નોંધે કે : (અ) રીમોટ ઇ–વોટિંગ મોડ્યુલ એનએસડીએલ દ્વારા જૂન ૧૪, ૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પછી બંધ કરી દેવામાં આવશે અને એક વાર ઠરાવ પર સભ્ય દ્વારા મત આપી દેવામાં આવે ત્યાર પછી સભ્યને તેને બદલવાની છૂટ આપવામાં આવશે નહીં, (બ) વાર્ષિક સાધારણ સભા ખાતે મતપત્ર દ્વારા મતદાનની સુવિધા ઉપલબ્ધ રહેશે, (ક) વાર્ષિક સાધારણ સભા પહેલાં રીમોટ ઈ–વોટિંગ દ્વારા પોતાના મત આપનાર સભ્યો વાર્ષિક સાધારણ સભામાં હાજર રહી શકે છે પરંતુ તેઓ ફરી પોતાનો મત આપી શકશે નહીં, અને (ડ) કોઈ વ્યક્તિ જેનું નામ કટ–ઑફ તારીખના રોજ રજિસ્ટર ઑફ મેમ્બર્સમાં નોંધાયેલું છે કે ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવતા લાભાર્થી મેમ્બર્સના રજિસ્ટરમાં છે માત્ર તેમને જ રીમોટ ઇ–વોટિંગ કે વાર્ષિક સાધારણ સભા ખાતે મતપત્ર દ્વારા મતદાનની સુવિધાનો લાભ લેવાનો અધિકાર રહેશે.
   - vii. વાર્ષિક સાધારણ સભાની નોટિસ કંપનીની વેબસાઈટ www.gruh.com પર તથા એનએસડીએલની વેબસાઈટ https://www.evoting.nsdl.com પર ઉપલબ્ધ છે.
   - viii. કોઈ પ્રશ્ન હોય તો સભ્યો, https://www.evoting.nsdl.com પરના ડાઉનલોડ વિભાગમાં સભ્યો માટેના વારંવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યુ) અને સભ્યો માટેના ઇ–વોટિંગ યુઝર મેન્યુઅલનો સંદર્ભ લઈ શકે છે અથવા શ્રી રાજીવ રંજન, આસી. મેનેજર, મે. નેશનલ સિક્યોરિટીઝ ડીપોઝીટરી લિ., ઈમેઈલ : rajiv@nsdl.co.in સંપર્ક : ૧૮૦૦૨૨૨૯૯૦, ૦૨૨–૨૪૯૯૪૭૩૮નો સંપર્ક કરી શકશે.

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૯૧ અનુસાર રજિસ્ટર ઓફ મેમ્બર્સ અને શેર ટ્રાન્સફર બુક ૦૭ જૂન, ૨૦૧૭થી ૧૫ જૂન, ૨૦૧૭ (બંને દિવસો સહિત), માર્ચ ૩૧, ૨૦૧૭ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષ માટે ડિવિડન્ડની ચૂકવણી અને કંપનીની ઉક્ત વાર્ષિક સાધારણ સભાના હેતુથી બંધ રાખવામાં આવશે.

ગૃહ ફાઈનાન્સ લિમિટેડ વતી

અમદાવાદ
મે ૨૦, ૨૦૧૭

માર્કસ લોબો
કંપની સેક્રેટરી